# મંત્રીશ્વર વસ્તુપાલ પ્રણીત

## 'શ્રીકપર્દિયક્ષરાજસ્તોત્ર'

અમૃત પટેલ

સરસ્વતી કેલિકલામરાલ[1], ગૂર્જરસચિવ શ્રીવસ્તુપાલની આ અપ્રસિદ્ધ લઘુકૃતિ છે. અનુપ્રાસ-વ્યતિરેક-(પદ્ય ૩જું, ૪થું), અર્થાંતરન્યાસ યમક (૪), અપહ્નુતિ (પદ્ય ૫), આક્ષેપ (પદ્ય ૬), દ્વિતીય ઉલ્લેખ (પદ્ય ૭), યમક (પદ્ય ૯મું) વગેરે અલંકારોથી ઉજ્જ્વલ પ્રસ્તુત સ્તોત્ર, લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સમૃદ્ધ હસ્તપ્રતભંડારમાં (ભેટસૂચિ નંબર ૪૩૩૧૦) વિક્રમ સંવત્ ૧૩૫૭-ઈસ્વીસન્ ૧૩૦૧માં લખાયેલ પ્રતના અંતિમ પત્રમાં મહામાત્ય વસ્તુપાલ વિરચિત [2]पुण्ये गिरीशથી શરૂ થતું અંબિકાદેવીનું સ્તોત્ર છે. તેની સાથે જ લખાયેલું છે.

પવિત્ર તીર્થાધિરાજ શત્રુંજયગિરિની યાત્રા કર્યા પછી શ્રીવસ્તુપાલે કપર્દિયક્ષનું મંદિર બનાવવાનું શરૂ કર્યું ત્યારે મંદિરના ભૂમિખનન સમયે એક સર્પ[3] નીકળ્યો. લોકો એકઠા થઈ ગયા. સમાચાર સાંભળીને વસ્તુપાલ પણ ત્યાં આવ્યા અને કપર્દિયક્ષની સ્તુતિ કરી[4].

चिंतामणिं न गणयामि न कल्पयामि----

અને કપર્દિયક્ષ પ્રસન્ન થયા.

પ્રસ્તુત સ્તુતિમાં વસ્તુપાલનું નામ કર્તા તરીકે ઉલ્લિખિત નથી : પરંતુ ઉપર્યુક્ત ઘટના અને અંબિકાસ્તોત્રની સાથે જ આ કપર્દિયક્ષરાજસ્તોત્ર લખાયેલ છે તથા અંબિકાસ્તોત્ર અને પ્રસ્તુત સ્તોત્રમાં રહેલ શૈલી સામ્ય અને શબ્દસામ્ય પ્રસ્તુત સ્તોત્ર વસ્તુપાલની જ રચના હોવાનું સિદ્ધ કરે છે.

બન્ને સ્તોત્રમાં વસંતતિલકા છંદોબદ્ધ ૧૦-૧૦ પદ્યો છે. તથા त्वंના પ્રયોગનું શૈલીવૈશિષ્ટ્ય અંબિકા સ્તોત્રમાં પદ્ય ૬માં અને કપર્દિ સ્તોત્રમાં પદ્ય ૭માં દગ્ગોચર થાય છે.

અં૦ સ્તોત્ર-પદ્ય ૮ અને ક૦ સ્તોત્ર પદ્ય ૬માં ગિરનાર અને શત્રુંજય એમ બે તીર્થોની યાત્રાનો ઉલ્લેખ છે. બન્ને સ્તોત્રમાં સમાસમય પ્રાસાદિક સૌહિત્ય પણ દૃષ્ટિગોચર થાય છે. અનુપ્રાસ અને યમક બન્ને સ્તોત્રમાં પ્રચુરપ્રમાણમાં છે. તથા શબ્દસામ્ય ને વિચારસામ્ય પણ ધ્યાનાર્હ છે : જેમ કે

| | |
|---|---|
| અં૦ સ્તોત્ર પદ્ય ૪માં | दारिद्र्यदुर्दमतमःशमनप्रदीपाः |
| ક૦ સ્તોત્ર પદ્ય ૨માં | दारिद्र्यरौद्रतमसंतमस.... |
| અં૦ સ્તોત્ર પદ્ય ૬ | नित्यं त्वमेव जिनशासनरक्षणाय |
| ક૦ સ્તોત્ર પદ્ય ૪ | उल्लासनाय जिनशासनकाननस्य |
| અં૦ સ્તોત્ર પદ્ય ૭ | [5]मृगेश्वर-गर-ज्वर-मारि-वैरि-<br>दुर्वार-वारण-जल-ज्वलनोद्भवा भीः । |
| ક૦ સ્તોત્ર પદ્ય ૯ | सिंधु-सिंधुर-गर-ज्वर-मार-वैरि-<br>पारीन्द्र-पावक-भवस्य भयस्य दूरे ॥ |
| અં૦ સ્તોત્ર પદ્ય ૮ | सकलसङ्घमनोमुदेऽस्तु |
| ક૦ સ્તોત્ર પદ્ય ૧૦ | सकलसङ्घमहोत्सवाय ॥ |

ઉપરાંત ભાષાપ્રૌઢિ, લયમાધુર્ય વગેરેની સમાનતા જોતાં પ્રસ્તુત કપર્દિયક્ષરાજ સ્તોત્ર મંત્રીશ્વર વસ્તુપાલની રચના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# श्रीकपर्दियक्षराजस्तोत्रम्

**( वसन्ततिलकावृत्तम् )**

श्रीमद्युगादिजिनपूजनबद्धकक्षः
प्रत्यूहभीतभुवनाभयदानदक्षः ॥
प्रौढप्रभावविहिताऽखिलसङ्घरक्षः
शत्रुञ्जये विजयतां स **कपर्दियक्षः** ॥१॥

दारिद्र्यरौद्रतम-संतमसं समन्ता-
न्नो तस्य वेश्मनि कृतस्मयमभ्युदेति ॥
**यक्षं कपर्दि**नमदुर्दिनभानुमन्त-
मन्तःस्फुरन्तमनिशं प्रसमीक्षते यः ॥२॥

चिन्तामणिं न गणयामि न कल्पयामि
कल्पद्रुमं मनसि कामगवे न वीक्षे ॥
ध्यायामि नो निधिमधीतगुणातिरेक-
मेकं **कपर्दि**नमनुक्षणमेव सेवे ॥३॥

काले कलौ कवलयत्यपि देवशक्तिं
व्यक्तं प्रभावविभवस्तव **यक्षराज** ! ॥
सन्तापयत्यपि महीमिह घर्मकाले
ध्वंशेत शैत्यमहिमा न हिमाचलस्य ॥४॥

यस्यार्चनारसमये समये विसर्पत्-
कालागुरुस्फुरितधूमतमच्छलेन ॥
नश्यन्ति भक्तजनता दुरितानि तानि
तं श्री**कपर्दि**नमहर्दिनमाश्रितोऽस्मि ॥५॥

व्यालादि न क्रमति तीर्थपथा(पथेऽ)धिपेऽस्मिन्
पाथोनिधौ घनविपल्लहरीपरीते ॥
यात्रोत्सवं मनसिकृत्य **कपर्दियक्षं**
त्वां कर्णधारमवधारयति जनोऽयम् ॥६॥

त्वं निर्धने निरवधिर्निधिरेव साक्षात्
त्वं क्षीरचक्षुषि गतक्षुतमेव चक्षुः ॥
त्वं रोगि[णि] स्फुटगुणं प्रगुणत्वमेव
त्वं दुःखिते सुखमखण्डितमेव देव ! ॥७॥

दुष्कर्मघर्ममथनी विनिपातजात-
चेतोविकारजरजःप्रशमप्रगल्भा ॥
उल्लासनाय जिनशासनकाननस्य
पीयूषवृष्टिरियमस्तु **कपर्दि**दृष्टिः ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते सिन्धु-सिन्धुर-गर-ज्वर-मार-वैरि-
पारीन्द्र-पावकभवस्य भयस्य दूरे ॥
**यक्षेश्वर**ांह्रिनखरोचिरपूर्वदूर्वा-
मङ्गल्यपल्लवलवैरवतंशिता ये ॥९॥

काव्येषु भक्तिभरभासुरमानसानां
मुक्तालतेव शुचिवर्णगुणोज्ज्वलश्रीः ॥
**यक्षाधिप**स्तुतिरियं तिरयन्त्यघानि
सम्पद्यतां सकलसङ्घमहोत्सवाय ॥१०॥

## અનુવાદ

૧. શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર તે કપર્દિયક્ષ વિજયી બનો, કે જે શ્રી યુગાદિજિન ઋષભદેવના પૂજનમાં સદા તત્પર છે, વિઘ્નોથી ભયભીત લોકોને કુશળ અભયદાતા છે, અને પોતાના પ્રૌઢ પ્રભાવથી અખિલ સંઘની રક્ષા કરે છે.

૨. જે વ્યક્તિ પોતાના અંતઃકરણમાં કપર્દિયક્ષને સ્વચ્છ દિવસના સૂર્યની સમાન સ્ફુરાયમાન જુએ છે, તેના ઘરમાં કારમો દારિદ્ર્યરૂપ અંધકાર, જાણે આશ્ચર્ય પામ્યો હોય તેમ આવતો નથી.

૩. ચિંતામણિને ગણકારું નહીં, કલ્પવૃક્ષને મનમાં પણ કલ્પું નહીં, કામધેનુને જોઉં પણ નહીં અને નવનિધિનો વિચાર પણ કરું નહીં. હું તો માત્ર ગુણાતિશાયી યક્ષરાજ કપર્દિને જ સેવું.

૪. કલિકાલમાં દેવપ્રભાવ તો કોળિયો બની ગયો છે ત્યારે હે યક્ષરાજ ! આપનો પ્રભાવ-વૈભવ જ સ્પષ્ટ છે. ગ્રીષ્મસમય પૃથ્વીને તપાવે ત્યારે પણ હિમાલયનો શીત-મહિમા નાશ પામતો નથી.

૫. જે યક્ષરાજના પૂજનનાં સરસ-સુંદર, (અથવા પૂજનરૂપ જલથી ભરપૂર એવા) સમયે ફેલાતા કાલાગરુના ગાઢ ધૂમ્રપટલના બહાને ભક્તજનોનાં તે દુરિત નાશ પામે છે, તેવા કપર્દિયક્ષનો હું શરણાશ્રિત છું.

૬. આ કપર્દિયક્ષ તીર્થપાલક છે તેથી ગાઢ વિપત્તિરૂપ લહેરોથી ઘેરાયેલ (ભવરૂપ) સમુદ્રમાં (સંકટરૂપ) વ્યાલ વગેરે આક્રમણ કરતા નથી. માટે જ યાત્રોત્સવને મનમાં વિચારી, આ ભક્તજન, હે કપર્દિયક્ષ ! આપને કર્ણધાર રૂપ માને છે.

૭. હે કપર્દિયક્ષ ! આપ નિર્ધન માટે સાક્ષાત્ નિધિ છો, ક્ષીરચક્ષુ (ઝામર) માટે ગત ક્ષુત(?)ચક્ષુ છો, રોગી માટે આરોગ્યરૂપ અને દુઃખીજન માટે અખંડ સુખરૂપ છે.

૮. દુષ્કર્મરૂપ ઘામને દૂર કરનારી અને વિનાશથી સર્જાયેલ ચિત્તવિકાર રૂપ રજકણને શાંત કરનારી શ્રી કપર્દિયક્ષની દૃષ્ટિ, જિનશાસનરૂપ ઉપવનને ખીલવવા માટે અમૃતવૃષ્ટિ સમાન છે.

૯. યક્ષરાજનાં ચરણ-નખની કાંતિરૂપ અપૂર્વ દૂર્વાનાં માંગલિક પલ્લવો જે ભક્તજનનાં મસ્તકભૂષણ બન્યાં છે. તેનાથી સાગર-ગજરાજ-વિષ-જ્વર-મારી/મરકી-વૈરિ-સિંહ-અગ્નિના ભયો દૂર ભાગે છે.

૧૦. કાવ્યોમાં મુક્તાલતાની જેમ શુચિ(પવિત્ર/શ્વેત) વર્ણો(રંગ/અક્ષરો)ના ગુણોથી ઉજ્જ્વલ એવી યક્ષાધિપની આ સ્તુતિ મનમાં ભક્તિ સભર ભક્તોનાં પાપોને દૂર કરે છે. તે સ્તુતિ સકલસંઘને મહોત્સવરૂપ નીવડો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટિપ્પણો :-

૧. "નરેન્દ્રપ્રભસૂરિપ્રણીત **વસ્તુપાલપ્રશસ્તિ,**" પદ્ય ૨૫, **સુકૃત કીર્તિકલ્લોલિન્યાદિ વસ્તુપાલ પ્રશસ્તિ સંગ્રહ**. સં૰ મુનિ **પુણ્યવિજય.** સિંધી જૈન ગ્રંથમાલા, મુંબઈ વિ૰ સં૰ ૨૦૧૭ / ઈ૰ સ૰ ૧૯૬૬, પૃષ્ઠ ૨૫.

૨. આ૰ પુણ્યવિજય સિંધી જૈન ગ્રંથમાલા ૫, મુંબઈ વિ૰ સં૰ ૨૦૧૭ / ઈ૰ સ૰ ૧૯૬૬, પૃષ્ઠ ૯૪, મુદ્રિત અંબિકા સ્તોત્રનું અંત્ય પદ્ય 'स्तोत्रं श्रोत्ररसायन' ૪૩૩૧૦ નંબરની લા૰ દ૰ની હસ્તપ્રતમાં નથી. ઉપરાંત મુદ્રિત અને હસ્તિલિખિત અં૰ સ્તોત્રમાં થોડો પાઠભેદ છે જે પ્રસંગોપાત્ત અત્રે પ્રસ્તુત કર્યો છે—

પદ્ય ૨જું મુદ્રિત અં૰ સ્તોત્રમાં- दुर्विनयेन कुण्ठः છે, दुर्वविनये न कुण्ठः ત્યાં હોવું જોઈએ. તો હસ્તલિખિત પ્રતમાં दुर्विर्नेयेषु कुण्ठः છે ત્યાં પણ दुर्विनयेष्वकुण्डः પાઠ હશે. કારણ કે ष्वની જગ્યાએ षु થવાનો ભ્રમ સંભવિત છે.

પદ્ય ૫ મુદ્રિતમાં चरणागतानाम् છે. હ૰ પ્ર૰માં शरणागतानाम् છે. પદ્ય ૬ઠ્ઠું મુદ્રિતમાં विभया सभया છે. હ૰ પ્ર૰માં विभयाऽसमया છે.

૩. જુઓ પ્રસ્તુત સ્તોત્ર, પદ્ય છઠ્ઠું.

૪. **પુરાતન પ્રબંધ સંગ્રહ**. સં૰ જિનવિજય, સિંધી જૈન ગ્રંથમાલા, મુંબઈ વિ૰ સં૰ ૧૯૯૨ / ઈ૰ સ૰ ૧૯૩૬, પૃષ્ઠ ૬૪માં આ હકીકત નોંધેલી છે ત્યાં મુદ્રિત પદ્ય નીચે મુજબ છે :

चिन्तामर्णि न गणयामि न कल्पयामि
कल्पद्रुमं मनसि न कामगवीं न वीक्षे ॥
ध्यायामि तोयनिधिमधीतगुणातिरेकम्
कपर्दिनमर्हर्निशमेव सेवे ॥

૫. સરખાવો **ભક્તામરસ્તોત્રનું** પદ્ય ૪૩.

मत्तद्विपेन्द्रमृगराजदवाऽनलाऽहि------।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org